RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"


E mail - prdpraval@yahoo.co.uk

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)


* Volume : 11 * Issue No. 10 * Date: 28.10.2024,Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ટિકિટ ફાળવણીમાં વિવાદ વચ્ચે શરદ પવારે ત્રીજી યાદી જાહેર કરી



મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં મહા વિકાસ અઘાડી ગઠબંધનમાં ટિકિટ ફાળવણી મુદ્દે સપાનો વિવાદ હજી થંભ્યો નથી, ત્યાં એનસીપી નેતા શરદ પવારે ઉમેદવારોની ત્રીજી યાદી જાહેર કરી દીધી છે. આ યાદીમાં પક્ષના વધુ નવ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. જેમાં શરદ પવાર જૂથે અણુશક્તિ નગરમાંથી અભિનેત્રી સ્વરા ભાસ્કરના પતિ ફહાદ અહમદને ટિકિટ ફાળવી છે. ફહાદ અહમદ સપામાં હતા, પરંતુ હવે તે એનસીપી શરદ જૂથમાં જોડાયા છે.એનસીપી-એસસીપીમાં સામેલ થયા બાદ ફહાદ અહમદે જણાવ્યું કે, હું પહેલાં નેતૃત્વ દળ સાથે મુલાકાત કરીશ બાદમાં નિવેદન આપીશ... એનસીપી-એસસીપીની વિચારધારા સમાજવાદી પાર્ટીની વિચારધારાથી અલગ નથી. હું શરદ પવારનો આભાર માનીશ કે, તેમણે અખિલેશ યાદવને પૂછ્યું કે, અમે ફહાદનું નામ અમારા પક્ષના ચિન્હ સાથે જાહેર કરીએ...

ત્રીજી યાદીમાં આ ઉમેદવારોને મળી ટિકિટ

૧. કરંજા- જ્ઞાયક પટણી
૨. હિંગણઘાટ- અતુલ વાંદિલે
૩. હિંગણા- રમેશ બંગ૪. અણુશક્તિનગર- ફહાદ અહમદ૫. ચિંચવડ- રાહુલ કલાટે
૬. ભોસારી- અજિત ગવ્હાણે
૭. માઝલગાંવ- મોહન બાજીરાવ જગતાપ
૮. પરલી- રાજેસાહેબ દેશમુખ
૯. મોહોલ- સિદ્ધિ રમેશ કદમ

બીજી યાદીમાં ૨૨ ઉમેદવારો ઉતાર્યા

નેશનલિસ્ટ કૉંગ્રેસ પાર્ટી (શરદ)એ મહારાષ્ટ્ર વિધાનસભા બેઠકમાં કુલ ૮૫ બેઠકો પર લડવાનો નિર્ણય લીધો છે. જેમાં પ્રથમ યાદીમાં ૪૫, બીજી યાદીમાં ૨૨ ઉમેદવારો ઉતાર્યા હતા. આ યાદીમાં પક્ષના ધારાસભ્ય સંદીપ ક્ષીરસાગરને બીડમાંથી, નાસિકના ડિંડોરીમાંથી સુનીતા ચારોસ્કરને ઉતાર્યા છે. પ્રથમ યાદીમાં બારામાતીથી અજીત પવારની સામે તેમના જ ભત્રીજા યુગેન્દ્ર પવારને ઉતાર્યા છે. અત્યારસુધી કુલ ૭૬ ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. એનસીપી મહા વિકાસ અઘાડી ગઠબંધનમાં રહી ચૂંટણી લડશે.

## કેન્દ્ર સરકાર આજે શહેરોમાં આધુનિક અને સુરક્ષિત જાહેર પરિવહન સેવાઓ માટે સતત પ્રયત્નશીલ: કેન્દ્રીય આવાસ- શહેરી મંત્રી શ્રી મનોહર લાલ



### ભારતમાં મેટ્રો નેટવર્કના માધ્યમથી દૈનિક અંદાજિત એક કરોડથી પણ વધુ નાગરિકો મુસાફરી કરી રહ્યા છે :-કેન્દ્રીય રાજ્ય કક્ષાના મંત્રી શ્રી તોખન સાહુ

મહાત્મા મંદિર,ગાંધીનગર ખાતે આજે કેન્દ્રીય આવાસ અને શહેરી મંત્રી શ્રી મનોહર લાલની અધ્યક્ષતામાં ત્રિવસીય "૧૭મી અર્બન મોબિલિટી ઈન્ડિયા કોન્ફરન્સ એન્ડ એક્સપો-૨૦૨૪"નો સમાપન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગુજરાતના નાણા- ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ તેમજ ઓડીસાના શહેરી મંત્રી શ્રી કે. સી. મહાપાત્રા વિશેષ ઉપસ્થિતિ રહ્યા હતા.

સમાપન સમારોહમાં કેન્દ્રીય આવાસ અને શહેરી મંત્રી શ્રી મનોહર લાલે જણાવ્યું હતું કે, સફળ અર્બન મોબિલિટી એ નાગરિકોને એક જગ્યાએથી બીજી જગ્યાએ મુસાફરી પૂરી પાડવી પૂરતું સિમિત નથી, પરંતુ દરેક નાગરિકનું જીવન સુરક્ષિત અને ગુણવત્તાયુક્ત બનાવવું સાથેસાથે કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડી પ્રદૂષણ ઘટાડવું,જેથી ભાવિ પેઢીનું જીવન વધુ સારું-સલામત બની શકે. ભારત સરકાર આજે શહેરોમાં આધુનિક અને સુરક્ષિત પરિવહન સેવાઓ માટે સતત પ્રયત્નશીલ છે. સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ સ્માર્ટ સિટી મિશન અને અટલ મિશન એ ઈન્ટિગ્રેટેડ અર્બન મોબિલિટીના પાયા હતા. પીએમ ઈ-બસ સેવા થકી પબ્લિક ટ્રાન્સપોર્ટ સેવાને વધુ સારી બનાવાઈ છે.મેટ્રો સેવા વિશે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આજે દેશમાં મેટ્રોની સેવા ૨૩ જેટલા શહેરોમાં ૯૮૯ કિલોમીટરના વિસ્તારમાં વિકસાવવામાં આવી છે, જે ભવિષ્યમાં ૯૭૪ કિલોમીટરમાં વિસ્તારવામાં આવશે. દેશભરમાં દરરોજ અંદાજિત ૧ કરોડ મુસાફરો મેટ્રો સેવાનો લાભ લઈ રહ્યા છે. ભવિષ્યમાં મેટ્રો નેટવર્કની લંબાઈના સાપેક્ષે ભારતમાં વિકસી રહેલ મેટ્રો નેટવર્ક એ ચીન પછી બીજા મોટા નંબરની સેવા બનશે.

મંત્રી શ્રી મનોહર લાલે ઉનેર્યુ હતું કે શહેરોમાં વધતી વસ્તીના કારણે તેમને મળતી માળખાકીય સુવિધાઓમાં પણ વધારો થવો જોઈએ. જે માટે આપણા શહેરોને વધુ અનુકૂળ, કનેક્ટિવ અને સ્થિતિસ્થાપક બનાવવા જોઈએ. મંત્રી શ્રી મનોહર લાલે આ કોન્ફરન્સમાં ભાગ લેતા દરેક સહભાગીઓ તથા પુરસ્કાર વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

મંત્રીશ્રીએ આગામી વર્ષ ૨૦૨૫માં ૧૮ મી કોન્ફરન્સ હરિયાણાના ગુડગાંવમાં તા.૨૪ થી ૨૬ ઑક્ટોબર દરમિયાન યોજાશે તેની જાહેરાત કરીને સૌને સહભાગી થવા આમંત્રણ આપ્યું હતું.

કેન્દ્રીય આવાસ અને શહેરી રાજ્ય મંત્રી શ્રી તોખન સાહૂ એ કૉન્ફરન્સની સફળતાને બિરદાવતા જણાવ્યું હતું કે, વર્ષ-૨૦૦૮ થી શરૂ થયેલી અર્બન મોબોલિટી ઈન્ડિયા એ ભારતના શહેરી અને મહાનગર વિસ્તારોમાં વિકાસની કાયાપલટ કરવા માટે મહત્વની કામગીરી કરી રહી છે. આજે ભારતમાં મેટ્રો નેટવર્કનાં માધ્યમ થકી અંદાજિત દૈનિક એક કરોડથી પણ વધુ નાગરિકો મુસાફરી કરી રહ્યા છે. નાગરિકોને મુસાફરીની સુવિધામાં મેટ્રો સેવા તેમજ ઈ-બસ સેવા મહત્વની પુરવાર થઈ રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ-૨૦૨૫માં ભારતને પાંચ ટ્રિલિયન ઈકોનોમી બનાવવાનો સંકલ્પ કર્યો છે, જેમાં ભારત સરકારના શહેરી વિકાસ વિભાગની ખૂબ જ મહત્વની ભાગીદારી હશે તેવી મંત્રીશ્રીએ આશા વ્યક્ત કરી હતી.મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આ પ્રકારની કોન્ફરન્સ થવી એ ભારત માટે પરિવહન ક્ષેત્રે નવી દિશાની શરૂઆત છે, કોન્ફરન્સ ના માધ્યમથી મેટ્રો સિટીના મેટ્રો રેલના મેનેજિંગ ડિરેક્ટરો વચ્ચે સંવાદ, રાજ્યો-રાજ્યો વચ્ચે પરિવહન અંગેની ચર્ચા, જેવા મહત્વના સત્રોમાં નાગરિકોને પરિવહનની વધુ સારી સુવિધાઓ કઈ રીતે આપી શકાય તે અંગે ચર્ચા કરવામાં આવી હતી.



## તંત્રી સ્થાનેથી..

# કેન્દ્ર સરકારના પેન્શનધારકો માટે દિવાળી ગિફ્ટ

પેન્શન અને પેન્શનર્સ વેલફેર ડિપાર્ટમેન્ટે કેન્દ્ર સરકારના પેન્શનધારકોને દિવાળી પૂર્વે જ મોટી ગિફ્ટ આપી છે. હવે ૮૦ વર્ષ કે તેથી વધુ વયના પેન્શનધારકો વધારાના પેન્શનનો લાભ લઈ શકશે. જેને કમ્પેશનટ અલાઉન્સ (રહેમતી ભથ્થુ) તરીકે ઓળખાશે. કેન્દ્ર સરકારની આ નવી માર્ગદર્શિકા કેન્દ્ર સરકારના નિવૃત્ત કર્મચારીઓ કે જેઓ ૮૦ વર્ષ કે તેથી વધુની વયમર્યાદા ધરાવે છે. તેમને આ લાભ આપશે.પેન્શનધારકોને આ કમ્પેશનટ એલાઉન્સ વયમર્યાદા મુજબ અલગ-અલગ હશે. જેમાં ૮૦થી ૮૫ વર્ષની વયમર્યાદા ધરાવતા પેન્શનધારકોને તેમના બેઝિક પેન્શન/કમ્પેશનટ અલાઉન્સના ૨૦ ટકા વધારાનું ભથ્થુ મળશે. ૮૫થી ૯૦ વર્ષની વયમર્યાદા ધરાવતા પેન્શનધારકોને બેઝિક પેન્શન/કમ્પેશનટ અલાઉન્સના ૩૦ ટકા, જ્યારે ૯૦થી ૯૫ વર્ષની વયજૂથના પેન્શનધારકોને ૪૦ ટકા ૯૫થી ૧૦૦ વર્ષના પેન્શનધારકોને ૫૦ ટકા, જ્યારે ૧૦૦ વર્ષથી વધુ વયજૂથના પેન્શનધારકોને ૧૦૦ ટકા પેટે વધારાનું ભથ્થુ મળશે.આ વધારાનું પેન્શનનો અમલ પેન્શનધારક જ્યારે મર્યાદિત વયનું થાય ત્યારથી જ લાગુ થશે. ધારો કે, પેન્શનધારક ૨૭ ઓક્ટોબર, ૧૯૪૪ના રોજ જન્મ્યો હોય તો તેને ૨૭ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજથી જ ૮૦ વર્ષની વય સાથે ૨૦ ટકા પેટે વધારાનું પેન્શન મળવાપાત્ર રહેશે. આ નવો નિયમ તાત્કાલિક ધોરણે લાગુ કરવામાં આવ્યો છે. હૈંઉ એ બેન્કો અને તમામ વિભાગોને આ નવા નિયમનું પાલન કરવા આદેશ આપ્યો છે.

# નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા એકત્રિત કરેલ ઈ-વેસ્ટની વાન ફ્લેગ ઓફ કરવામાં આવી




ગુજકોસ્ટ પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા દર વર્ષે ઈ-વેસ્ટ કલેક્શન અભિયાન ચલાવવામાં આવે છે. આ વર્ષે પણ જી.પી.સી.બી.પ્રાદેશિક કચેરી,ગાંધીનગર,ગાંધીનગર મહાનગરપાલિકા અને ઈ-કોલી વેસ્ટ મેં.પ્રા.લી.ના સહયોગ થી તારીખ ૨૦/૧૦/૨૦૨૪ થી ૨૭/૧૦/૨૦૨૪ સુધી ઈ-વેસ્ટ કલેક્શન અભિયાન ચલાવવામાં આવ્યું .જેમાં ઘરમાં બિન ઉપયોગી સાધનો જેવા કે જુના ટીવી,જુના ટેપરેકોર્ડર,ફેક્સ મશીન, બગડેલા મોબાઈલ,કોમ્પ્યુટર,પ્રિન્ટર,એસી,સ્પીકર,જેવી ઈલેક્ટ્રોનિક વસ્તુઓનો યોગ્ય નિકાલ કરવો ખુબજ જરૂરી છે. આવો કચરો પર્યાવરણ ને નુકશાન કરતો હોય છે. સરકાર માન્ય ઈ-વેસ્ટ કલેક્શન કરતી એજન્સી આ કચરાને લે છે અને તેનું યોગ્ય વળતર પણ સ્થળ પરજ આપે છે. આ અભિયાનમાં ગાંધીનગરની જાણીતી સંસ્થાઓ અને ગાંધીનગરના નાગરીકોએ મોટા પ્રમાણમાં ઈ-વેસ્ટ જમા કરાવી આ અભિયાનમાં સહયોગ આપ્યો.

આ ઈ-વેસ્ટ વાનનું ફ્લેગ ઓફ શ્રીમતી રીટાબેન પટેલ,ધારાસભ્યશ્રી,ગાંધીનગર,શ્રી ગૌરાંગભાઈ વ્યાસ,સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન,ગાંધીનગર મહાનગરપાલિકા,શ્રી રાજુભાઈ પટેલ,ચેરમેન જાહેર બાંધકામ સમિતિ, ગાંધીનગર મહાનગરપાલિકા, શ્રી સંદીપસિહ ગોહિલ, સ્વચ્છતા અધિક્ષક,ગાંધીનગર મહાનગરપાલિકા, ડો અનિલ કે પટેલ, મેનેજીંગ ટ્રસ્ટી,નિસર્ગ સાયન્સ સેન્ટર ના હસ્તે કરવામાં આવ્યું.


આ અભિયાનમાં ૨.૫૦ ટન જેટલો ઈ-વેસ્ટ ગાંધીનગરના પર્યાવરણ પ્રેમી નાગરિકોએ જમા કરાવ્યો હતો.આ કાર્યક્રમ ને સફળ બનાવવા શ્રી હાર્દિક મકવાણા ,શ્રી શિવાંગ પટેલ ,શ્રી હાર્દિક ભટ્ટ અને ઈ-કોલી કંપનીના સંયોજક શ્રી સચીનભાઈ,એ ભારે જેહમત ઉઠાવી હતી.

# મોદીજી ની બરોડા ટી ૨૯૫ એરક્રાફ્ટ મેન્યુફેક્ચર ઉદ્ઘાટન વિશ્વ કક્ષાએ ઐતિહાસિક બની રહેશે



સનદી અધિકારી શ્રી રાજીવ ગુપ્તા એ જણાવ્યા મુજબ મોદીજી ની બરોડા ટી ૨૯૫ એરક્રાફ્ટ મેન્યુફેક્ચર ઉદ્ઘાટન વિશ્વ કક્ષાએ ઐતિહાસિક બની રહેશે કેમકે પ્રાઇવેટ માં ડિફેન્સ નું આ મેન્યુફેક્ચર યુનિટ જે વિશ્વમાં સૌપ્રથમ વખતની ઘટના છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.



## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**: NOG SS NO - 173.**
પ્રકાર -પદ્ય
શબ્દો - ૧૦૧. વિષય - મનપસંદ.
" નથી થવાતું"

કાજલ નથી થવાતું,
કુંતલ નથી થવાતું,
તારા સ્વરૂપ જેવું
અદલ નથી થવાતું.

સૌને લઈને સાથે,
છે વિસ્તરી જવાનું,
ઊગી જવાથી ખાલી
જંગલ નથી થવાતું.

ડગલે ને પગલે સાચી
ઓળખ થતી રહે છે,
ભૂલી જવાથી જગને,
પાગલ નથી થવાતું.

માગણનાં વેશે આવી
માગે તું જાત મારી
છે વસવસો કે
તારા ચંપલ નથી થવાતું.

તારા નસીબનો હું
એવો ઉજાસ છું કે,
પ્રકટી નથી શકાતું
ઓઝલ નથી થવાતું.

ઋતુ 'ને રાગની પણ
ગત રાખવી પડે છે,
તીણા અવાજે ટહુકી
કોયલ નથી થવાતું.

ના ઘાવ કે ઘસરકો
ભાળીને જ્ઞાન લાધ્યું,
હથિયારથી જ ખાલી
ઘાયલ નથી થવાતું.
અવશેષમાં ય તારા છે
સભ્યતા જરૂરી,
ખંડેર તો થવાશે
લોથલ નથી થવાતું.
નામ- ડૉ.દક્ષા જોશી 'નિર્ઝરા'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NGGO NO—209**
વિષય- મનપસંદ રચનાં
શીર્ષક- 'કુદરતનો ખજાનો'
મને મારામાં વ્યસ્ત રહેવું ગમે,મને એમાં નિજાનંદ મળે,ધરા પર આવીને બે કામ પ્રભુનાં કરવાં મને ગમે.વિશ્વ સારું ભર્યું આનંદથી,એમાં ડૂબવું મને ગમે,હરિયાળી પ્રકૃતિ,હોય નદીનો કિનારો,પંખીનો કલરવ મીઠો હોય,ઉષાની લાલીમાં ગમે,મેઘધનુષનાં રંગ માણવાં મને ગમે,નિહાળીને ઉડતાં પંખી મને પણ ઉડવું ગમે,તને જાણવાં પ્રભુ મંદિર જવાની ન મને જરૂર લાગે,તારો અખૂટ ખજાનાનો આનંદ લૂંટવો 'સ્વધા'ને બહુ ગમે.
સુધાબેન પુરોહિત.હોનોલુલુ.હવાઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 0050**
વિષય - મનગમતી રચના
પ્રકાર - પદ્ય
શીર્ષક - અટારી એથી.
શબ્દ સંખ્યા - ૧૬૨.
.....................................
ઝરુખાની અટારી એથી..!
સમય સમય પર અહીં આપની સમક્ષ થોડી બુંદો..!
તમન્નાઓ લાવવાની કોશિશ જરુર કરતી રહીશ...!
દિલમાં જોને તારી યાદ તડપાવે..!
આત્મવિશ્વાસથી કદમથી કદમ મિલાવતી રહીશ..!
એક વિચાર,એક કદમ રાખી ચાલને,
મંજિલ નવીને રાહ પર..!
સૂર્યના ઉજાસ ભર્યો કિરણોથી ધરતી પર પ્રકાશ પથરાય..!
પંખીઓનો કલરવ સંભળાય..!
આંગળીનો આધાર હથેળીની શોભા વધારે..!
અશક્યને શક્ય બનાવે...!
પ્રેમ મળ્યો જીવનમાં પ્રેમની કમી રહી નહીં..!
તમન્ના એવી કે મારી આંખ ખૂલેને દિવસની શરુવાત તમારાં પ્રેમથી થાય...!
સજીને શણગાર હું કરી બેઠી અટારીએ...!
ને દિલમાં તારી યાદ સતાવે..!
દરેક પળ મને અહેસાસમાં જીવવા દે સાથે મળીને..!
સપનાં આખોમાં પાપણનાં પલકારા હેઠળ...!
પ્રીતમનાં પ્રેમનાં સથવારે
જોવાની અનેક એષણા...!
માણી આ કુદરતી પ્રેમભરી ભેટની તડપ મને..!
વિશ્વાસની છબી આત્માને સંગ..!
તમન્નાઓનાં અરમાન જાગ્યાં મારા...!

ફૂલો ખીલ્યાં,પંખી ટહુક્યાં
મનડાનાં પ્રભાતિયાં ગુંજ્યા કરે..!
મંદમંદ પવન ફૂંકાતાં પ્રેમની
ભીની લાગણીઓનો મધૂર સંગમ...!
દિલ ધડકનની ભાષા સમજાય..!
કેમ કરીને ચુકવીશ ઋુણ
તમારું..!
પ્રેમ મારો પવિત્ર બને જગમાંએ તમન્ના રાખું...!
પ્રેમનાં વાદળ ગોરંભાય તમારાં થકી...!
ધોધમાર આશાનું પૂરને
લાગણીઓનો સહેલાબ..!
છલકાતો ડેમ છો તમે મારો..!

રાગીની શુક્લ "રાગ" મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. : 0141***
★વિષય : "સ્વરચિત કાવ્ય"★
★શીર્ષક : "બંધ નયને"★
★શબ્દ સંખ્યા : ૧૪૨★
હે, સૃષ્ટિના સર્જનહાર તને હું,
બંધ નયને... નિત નિત, નિરાળો નિહાળું!
મતિ મૂઢ થઈ ગઈ મારી, જ્યાં જુઓ તો છાપ તમારી;
પ્રવાહ જોઈને તણાવાને માટે, જાઉં છું ડૂબકી લગાડી!
હે, સૃષ્ટિના સર્જનહાર તને હું,
બંધ નયને... નિત નિત, નિર્લેપ નિહાળું!
ગતિ કરું ઉર્ધ્વગતિ માટે થૈ, પારોઠનાં પગલાં પડછાયે;
અધોગતિમાં આથડીને, સાકાર કશું ના આંખ દેખાયે!
હે સૃષ્ટિના સર્જનહાર તને હું,
બંધ નયને... નિત નિત, નિરાકાર નિહાળું!
રતિ ભોગવવાને થઈને, સ્પર્શ, રૂપ, રસ ગંધ, ઉપસ્થ;
રાત્રીદિવસ રમમાણ રહું, ચિત્ત બુદ્ધિ, મન અસ્વસ્થ!
હે સૃષ્ટિના સર્જનહાર તને હું,
બંધ નયને... નિત નિત, નિરંજન નિહાળું!
જતિ થાઉં, જતન દેહનું કરવાનું; એ અભાગી ફરજ;
છૂટે વળગણ, ભાયગે મોક્ષ હો, તૂટે જનમનાં કરજ!
હે સૃષ્ટિના સર્જનહાર તને હું,
બંધ નયને... નિત નિત, નિસ્વાર્થ નિહાળું!
રસિકભાઈ વ પરમાર "રવ"★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG NO.0059**
વિષય મનગમતી રચના
પ્રકાર પદ્ય્ય કવિતા
શીર્ષક મારી મનગમતી
વાત
શબ્દો૧૩૫
લેખક,જયકાન્ત ઘેલાણી
★પ્યારે★

ભાઈ મારી મનગમતી વાત છે..ભાઈ....
કોંઈને કહેશો નહી ભાઈ
મારી મનગમતી વાત છે..
કહું સૌને હુ જાંઉ ટ્યુસનમા..
પહોચુ હું કરાંઉકે ક્લાસીસમા..
ભાઈ મારી મનગમતી. વાત છે..
ન મને સ્વર-તાલનુ ભાનછે
ન મને ગીત સંગીત નુ જ્ઞાન છે
ભાઈ મારી મનગમતી વાત છે
હિતેનસર ના આશીષ ને
હેમલતાનો સાથછે
ભાઈ મારી મનગમતી
વાતછે
સાથી મિત્રોનો સાથછે ને
મારો પુરુષાર્થ છે
ભાઈ મારી મનગમતી વાતછે
સબળ આત્મ વિશ્વાસ
ને પ્રબળ પુરુષાર્થ છે
ભાઈ મારી મનગમતી વાતછે
બનીસ હુ ગાયકને
પ્યારે તમે વ્હાલા શ્રોતા
ભાઈ મારી મનગમતી
વાતછે
ભાઈ મારી મનગમતી
આ સાચી વાતછે...

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No.: 177**
વિષયઃ મન પસંદ
પ્રકારઃ પદ્ય
શીર્ષકઃ નથી કરવી
શબ્દો : ૪૮
જિંદગી જેમ વીતે છે વીતવા દો,
હવે કોઈ ફરિયાદ નથી કરવી.
ખામોશ થઈ ગયા છે શબ્દો,
આંખોથી પણ હવે વાત નથી કરવી.

એ દિવસને રાત કહે તો મંજુર છે,
નાહકની દલીલ આબાદ નથી કરવી.

કાવાદાવાની રમતમાં કોણ હાર્યું કે જીત્યું,
પારકા લાકોની હવે "રાધા" પંચાત નથી કરવી.

લેખક : નેહા મયુર "રાધા"અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS no. 354**
વિષયઃ- મનપસંદ રચના
શીર્ષકઃ- "અલ્પવિરામ"
પ્રકારઃ- પદ્ય
શબ્દ સંખ્યાઃ- ૬૩
---------------
ચાલ, આ સંબંધને થોડો અલ્પવિરામ આપીએ,
થોડું હું રહી લઉ તારા વગર,
થોડો તું જીવી લે મારા વગર.
ચાલ, એકમેકની કમીનો થોડો હિસાબ રાખીએ,

ચાલ, આ સંબંધને થોડો અલ્પવિરામ આપીએ...
કાળની કેડીએ આગળ વધવાનું કોઈ મક્કમ કારણ આપીએ,
લડખડતા આ સંબંધને મજબૂત કરવાનું કોઈ સરસ બહાનું આપીએ.
અંત સમયે "આવજો" ન કહેતાં,
"ફરી મળીશું" નું એક પ્રિય વચન આપીએ....
ચાલ, આ સંબંધને થોડો અલ્પવિરામ આપીએ ...
-------------------
રેશ્મા પટેલ "રેશમ"સુરત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 224**
વિષય :- મનગમતી રચના
શીર્ષક :- કેવી હું?
પ્રકાર :- પદ્ય - શબ્દ :- ૬૮

કેવી હું ?

ઉષાની લાલીમાં,
સંધ્યાના રંગ જોતી હું.

બીજાને પારખતા,
પોતાને જ ભૂલતી હું.

ઉદાસીન પળોમાં,
ખુશીની કતાર જોતી હું.

દોસ્તોની હાજરીમાં,
દોસ્તોથી અતડી રહેતી હું.

મારા સ્વમાનને,
ક્યારેક ઓગળતું જોતી હું.

કાર્ય કરવાની,
માત્ર મહેચ્છાઓ જ રાખતી હું.

સફળતાની ભવ્ય,
કલ્પનાઓ નીરખતી હું.

જીવનપથ પર,
મૃત રીતે જીવતી હું !!!

પ્રીતિ શાહ પટેલ 'પ્રીતાર્ષ'


MAKE IN INDIA
સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
આદરણીય વડાપ્રધાન
શ્રી નરેન્દ્રભાઇ મોદીના 'મેઇક ઇન ઇન્ડિયા'
સંકલ્પને મળી નવી ઉડાન
વડાપ્રધાન
શ્રી નરેન્દ્રભાઇ મોદી
અને
સ્પેનના વડાપ્રધાન
શ્રી પેડ્રો સાંચેઝના
વરદ્હસ્તે
વડોદરામાં 'મેઇડ ઇન ઇન્ડિયા એરબસ C295 એરક્રાફ્ટ'
નિર્માણના ફાઇનલ એસેમ્બલી લાઇન પ્લાન્ટનું ઉદ્ઘાટન
એરબસ એરક્રાફ્ટ નિર્માણ ગુજરાતને આપશે નવી ઊંચાઇ
વડોદરાને મળશે વૈશ્વિક ઓળખ
પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીનું થશે સર્જન
કૌશલ્ય વિકાસના નવા માર્ગો ખૂલશે
ગુજરાતમાં સંરક્ષણ ઉત્પાદન ક્ષેત્ર બનશે વધુ મજબૂત
આર્થિક વૈવિધ્યકરણ અને રોકાણમાં થશે વધારો
ગરિમામયી ઉપસ્થિતિ
આચાર્ય દેવવ્રત
માનનીય રાજ્યપાલશ્રી, ગુજરાત
વિશેષ ઉપસ્થિતિ
શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
અતિથિ વિશેષ
શ્રી રાજનાથ સિંહ
માનનીય કેન્દ્રીય મંત્રી, સંરક્ષણ મંત્રાલય, ભારત સરકાર
ડૉ. સુબ્રમણ્યમ જયશંકર
માનનીય કેન્દ્રીય મંત્રી, વિદેશ મંત્રાલય, ભારત સરકાર
શ્રી સી. આર. પાટીલ
માનનીય કેન્દ્રીય મંત્રી, જલશક્તિ મંત્રાલય, ભારત સરકાર
28 ઑક્ટોબર, 2024
ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડ, હરણી, વડોદરા

સત્યમેવ જયતે ગુજરાત સરકાર | વિકસિત ભારત વિકસિત ગુજરાત

# માનનીય વડાપ્રધાન
# શ્રી નરેન્દ્રભાઈ મોદીના
# વરદ્દહસ્તે
# ₹૪૮૦૦ કરોડથી
# વધુના વિકાસકામોનાં






## લોકાર્પણ - ખાતમુહૂર્ત

**દીપાવલી પર્વની શરૂઆત વિકાસકામોની મળી સોગાત**

- નાવડાથી ચાવંડ બલ્ક પાઈપલાઈન પ્રોજેક્ટના લોકાર્પણથી બોટાદ, અમરેલી, જૂનાગઢ, રાજકોટ અને પોરબંદર જિલ્લાના ૧૨૯૮ ગામો અને ૩૬ શહેરોના લગભગ ૬૭ લાખ લોકોને વધારાનું ૨૮ કરોડ લિટર પાણી મળશે
- NHAIના વિવિધ પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્તથી જૂનાગઢ, જામનગર, દેવભૂમિ દ્વારકા અને મોરબી જિલ્લામાં આંતરમાળખાકીય સુવિધામાં થશે વધારો
- ભાવનગર જિલ્લામાં પીવાના પાણી માટેની પસવી જૂથ ઓગમેન્ટેશન પાણી પુરવઠા યોજના ભાગ–૨ના કામોના ખાતમુહૂર્તથી જિલ્લાને પીવાના પાણીનો વધુ પુરવઠો મળશે
- PPP મોડલ પર લાઠીના દુધાળામાં નિર્મિત ભારતમાતા સરોવરના લોકાર્પણથી ગામના ખેડૂતોને સિંચાઈ માટે પરોક્ષ રીતે લાભ મળ્યો છે
- ભુજ–નલિયા ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટના લોકાર્પણથી કચ્છ જિલ્લાના સામાજિક–આર્થિક વિકાસને વેગ મળશે
- પોરબંદર જિલ્લાના મોકરસાગર ખાતે કર્લી રિચાર્જ જળાશયનો વિશ્વસ્તરીય સસ્ટેનેબલ ઈકોટુરિઝમ સ્થળ તરીકે વિકાસ કરાશે

**ગરિમામયી ઉપસ્થિતિ**
**આચાર્ય દેવવ્રત**
માનનીય રાજ્યપાલશ્રી, ગુજરાત

**મુખ્ય મહેમાન**
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**વિશેષ ઉપસ્થિતિ**
**શ્રી સી. આર. પાટીલ**
માનનીય કેન્દ્રીય મંત્રી,
જળશક્તિ મંત્રાલય, ભારત સરકાર

## જનસુખાકારી માટે કટિબદ્ધ ગુજરાત સરકાર

**તારીખ** - ૨૮-૧૦-૨૦૨૪, સોમવાર | **સમય** - બપોરે ૦૨:૩૦ વાગે | **સ્થળ** - લાઠી, જિ. અમરેલી

કાર્યક્રમનું જીવંત પ્રસારણ : DD NEWS ડી ડી ન્યૂઝ | CMOGujarat | CMOGujarat | CMOGujarat | CMOGujarat

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.